Edit with WPS Office

B. A. Semester 3

S. Y. B. A. GUJARATI PAPER 5

Subject:- ગ્રંથકારનો અભ્યાસ: ઉમાશંકર જોશી "ઉમાશંકર જોશીના શ્રેષ્ઠ કાવ્યો"

UNIT 1

CHAPTER - 1

¬ ઉમાશંકર જોશીનું જીવન ¬

જવાબ:-

- ભૂમિકા
- કવિ પરિચય
- જન્મ
- બાળપણ
- કુટુંબ
- જીવન
- વ્યવસાય
- સમ્માન
- ઉપસંહાર

Edit with WPS Office



પ્રસ્તાવના:-

ઉમાશંકર જોશી ગાંધીયુગના બહુમુખી પ્રતિભા ધરાવતા શાશ્વત હતા. તેઓ ગુજરાતી કવિતા ના પ્રથમ પંક્તિના ચિરંજય કવિ અને વિદ્વાન સાહિત્યકારો માટે. સમકાલીન સાહિત્યકારોમાં અનેક રીતે નોખા તરી આવતો ઉમાશંકર જોષી પ્રજ્ઞાવાન અને પ્રતિભાવાન વ્યક્તિત્વ ધરાવતા છતાં અમલ કર જોશીની પૈદના વિશ્વમાનવ સુધી ધ્યાપેલી પતી, તેમના ચિંતન અને સર્જનમાં મામા ચી, રવીન્દ્રનાથ થયો અને ભારતીય સંસ્કૃતિની અસર જોવા મળે છે, 'ગુર્જર બારનવાસી" એ ઉનિ જેમને યથાર્થ લાગુ પડે છે એવા આ કવિ વિશે શ્રી વિષ્ણુપ્રસાદ ર, ત્રિવેદીએ યુ કે, "જી ઉમાશંકર જોશી, આપણે નવીન પન્ન અમલી કવિ, સાહિત્યના અનેક પ્રાંત સર વિકાર, ગુજરાતની સૂક્ષ્મ સંપત્તિ છે. તેમની કૃતિઓનો ઉલ્લેખ બીજા પ્રાંતો આગળ આપણે ગૌરવ કરી શકીએ છીએ અને માનીએ છીએ કે બીજા પ્રાંતોમાં પણ એમના જેવા સાહિત્યકાર ગણતર જ હશે.આમ, આમ ઉમાશંકર જોશીના જોશીના જીવનને ઊંડાણ થી સમજવા નો પ્રયત્ન કરીએ.

ક્રમ	પ્રશ્નો	જવાબ
૧	ઉમાશંકર જોશી ગાંધીયુગના પ્રતિભા ધરાવતા શાશ્વત હતા	બહુમુખી
૨	ગુજરાતી કવિતા ના પ્રથમ પંક્તિના કોણ છે.	ઉમાશંકર જોશી
૩	સમકાલીન સાહિત્યમાં	ઉમાશંકર જોશી

Edit with WPS Office

	કોણ અલગ તરી આવે છે	

કવિ પરિચય:-

ગુજરાતી સાહિત્યમાં "વાસુકિ" અને "શ્રવણ' ઉપનામ ધારી ઉમાશંકર નો જન્મ ઉત્તર ગુજરાતમાં પ્રવેશ સાબરકાંઠા જિલ્લાના, ઈડર તાલુકાના ગામણા ગામમાં ૨૧ જુલાઈ, ૧૯૧૧ (સવંત 1967ના વદ-૧૦)ના રોજ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમનું આ

ક્રમ	પ્રશ્નો	જવાબ
1	ઉમાશંકર જોશીના ઉપનામે કેટલા હતા?	૨
૨	ઉમાશંકર જોષીનો જન્મ ક્યાં થયો હતો?	બામણા ગામ
3	વાસુકી અને શ્રવણ કોનુ ઉપનામ છે?	ઉમાશંકર જોશી

જન્મ:-

જન્મ સ્થળ નાની મારવાડ તરીકે પણ ઓળખાતું હતું. ઉમાશંકર જોશી ના પિતા નું મૂળ વતન લુસડીયા ગામ કેજે બામણા થી લગભગ 20 કિલોમીટર દૂર વિશાળ વિસ્તારમાં આવેલું છે. ઉમાશંકર જોષીનો જન્મ પહેલા તેમનું કુટુંબ છપ્પનિયા દુકાળમાં લસુડીયા માં લૂંટાયું. આથી તેઓ મૂળ વતન છોડી બામણા ગામમાં આવીને વસ્યા. આ બ્રાહ્મણ નું ગામ હોવાથી ગામનું નામ બામણા પડ્યું.

- **જન્મ:-** 21-7-1911 બામણા – સાબરકાંઠા જિ.
- **અવસાન:-** 19-12-1988 મુંબાઇ
- **માતા** – નવલબેન, **પિતા** – જેઠાલાલ
- **પત્ની** – જ્યોત્સ્ના, **પુત્રીઓ** – નંદિની, સ્વાતિ
- **અભ્યાસ:-** પ્રાથમિક – બામણા, માધ્યમિક – ઇડર, **1928**– મેટ્રિક અમદાવાદ, **1936**– બી.એ.- અમદાવાદ, **1938**– એમ.એ. – મુંબાઇ,

Edit with WPS Office



ક્રમ	પ્રશ્નો	જવાબ
1	બામણા ગામ કયા જિલ્લામાં આવેલું છે?	સાબરકાંઠા
૨	ઉમાશંકર જોશીએ માધ્યમિક શિક્ષણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું .	ઈડર
૩	ઉમાશંકર જોશીએ બે નો અભ્યાસ કઈ સાલમાં પૂર્ણ કર્યો	૧૯૩૮
૪	ઉમાશંકરના માતા નું નામ શું હતું	નવલ બેન
૫	ઉમાશંકર નો જન્મ ક્યારે થયો હતો?	21-7-1911
૬	ઉમાશંકર જોશી નું મૃત્યુ ક્યારે થયું હતું?	19-12-1988

બાળપણ:-

ઉમાશંકર જોશીનું ઘર બામણા ગામમાં ડુંગરની તળેટીમો ઠીક ઠીક ઊંચાઈ ઉપર આવેલું. આમબાળપણ જ ડુંગર અને પ્રકૃતિ સૌંદર્ય માં ઉછેર થયેલો. ઈડર નો ડુંગરાળ પ્રદેશો અને તેનું વાતાવરણ, ડુંગરિયાળ રસ્તાઓ, ગામની સીમ, માં ભરાતા લોકમેળાઓ, લોકબોલીઓ ઉમાશંકર જોશીના કવિ માનસને ઘડ્યૂ એમ કહી શકાય. ઉમાશંકર જોશીએ બાળપણની વાત કરતાંકરો કે "ડુંગર ભેખડે આવેલા ઉગમણા ધરતી સામે ક્ષિતિજ ઉપર ગિરિમાળાને મથાળે રમતા ઉષાના રંગી અને એમાં ક્યારેક તરછરતલ સારસોનો ધ્વનિ, લીલાછમ ખેત ચોમાસાના ઉત્સવ, ઉજાવણી અને મેળા આ બધાં દ્વારા કુદરતનો અને માનવજીવનનો સંસ્પર્શ અનુભવાતો." તેમના ગીતો ઉપર ગામડાના લગ્નગીતો, લોકગીતો અને લોકમેળાની અસર જોવા મળે છે. નાનપણથી જ ઉમાશંકર જોશીના શબ્દ ને પામવાની સભાનતા જોવા મળતી. બ્રાહ્મણોના વેદોચાર, છંદગાનતેમજ ગ્રામ સમાજના લોકોની ભાષા તરફ નાનપણથી જ તેમનું ધ્યાન ખેંચાયેલું રહેતું.આ બધી જ બાબતો નો પ્રભાવ ઉમાશંકર જોશી ના સાહિત્ય સર્જન પર જોવા મળે છે.

ક્રમ	પ્રશ્નો	જવાબ
૧	ઉમાશંકર જોશીનું ઘર બામણા ગામમાં ક્યાં આવેલો હતું.	ડુંગર તળેટી

Edit with WPS Office

૨	ઉમાશંકર જોશીના ઉછેરમાં વાતાવરણની અસર જોવા મળે છે.	ડુંગરીયા પ્રદેશ
૩	લગ્નગીતો, લોકગીતો અને લોકમેળાની અસર જોવા મળે છે	ગામડાની

કુટુંબ:-

ઉમાશંકર જોશી ના પિતાનું નામ જેઠાલાલ કાળજી જોશી હતું. તે શામળાજી પાસેના ડુંગરોમાં આવેલા બે જાગીરો દેવની મોરી, સામેરા તથા હાથરોલના કામદાર હતા એટલે ડુંગરવાળા' તરીકે ઓળખાતા, પિતા જેઠાલાલ ગુજરાતી સાત ચોપડી ભણેલા તે ખુબ વ્યવહારુ, આદર્શવાદી અને બાહો મિત્રવર્તુળ ધરાવતા હતા, ઉમાશંકર જોશી ના માતા નવલબા, તેનું મૂળ નામ નર્મદા હતું. તે ભાઈશંકર ઠાકરનો પુત્રી હતાં તેઓ નિરક્ષર હોવા છતાં પણ તેજસ્વી સ્મૃતિવાળો ને પ્રભાવશાળી અ:વ્યક્તિત્વ ધરાવનાર સન્નારી હતા. ઉમાશંકર જોષી ના માતા નવલબાને 'ગાણાનું ઝાડ' કહેવાતાં. નવલબાને પારંપરિકગીતો, લગ્નગીત તેમજ વ્રતો- ઉત્સવોનાં ગીતો, જોકે વગેરે જેવા અસંખ્ય ગીતો કંઠરશ્ય હતા, પિતા જેઠાલાલ અને માતા "નલબાને સાત પુત્રી અને બે પુત્રીઓ હતા. રામશંકર, છગનલાલ, ઉમાશંકર, ચૂનીલાલ, પ્રાણજીવન, કાંતિલાલ, જશોદાબેન, કેસરબેન અને દેવેન્દ્ર તેમાંથી ભાઈ છગનલાલ અને પ્રાણજીવન નાની ઉંમરે જ ગુજરી ગયેલા, બાઈનાં ત્રીજા નંબરે જન્મેલા ઉમાશંકર જોશીને કુટુંબનાં વહાલભર્યા વાતાવરણનો લાભ મળલો. ૧૯૧૬માં ઉમાશંકર જોષીને યજ્ઞનો પવિતામસંસ્કાર ધારણ કરેલા.

ઉમાશંકર જોશીનો લગ્ન ૨૫ મે, ૧૯૩૭ના વૈશાખી પૂનમ, બુદપંતીને દિવસે જ્યોત્સનાબહેન જોષી સાથે થયા હતાં, જેઓ કવૅ વિશાપીઠનાં સ્નાતક હતાં.જયોત્સનાબહેનનું અવસાન ૧૭ જાન્યુઆરી, ૧૯૬૪ના રોજ થયું હતું. ઉમાશંકર જોશીને સંતાનોમાં બે પુત્રીઓ-નંદિની અને સ્વાતિ જેમાં નદિનીનો જન્મ ૧૯૪૧મો અને સ્વાતિનો જન્મ ૧૯૪૮માં થયો હતો. ઉમાશંકર જોશીનું અવસાન ૧૯મી ડિસેમ્બર, ૧૯૮૯, સોમવાર (માગસર સુદ-૧૫, સંવત ૨૦૪૫) ના રોજ રાત્રે મુંબઈ ટાટા મેમોરિયલ હોસ્પિટલમાં, ફેંફસોના કેન્સરને કારણે થયું. તેમના મૃતદેહને બીજે દિવસે સાંજે અમદાવાદમાં, તેમની બે દીકરીઓ - નંદિની અને સ્વાતિએ અગ્નિદાહ દીધો. આમ, આ યુગદષ્ટા', 'શીલભદ્ર સારસ્વત' એવા શ્રી ઉમાશંકર જેઠાલાલ જોષીની ૭૭ વર્ષની જીવનયાત્રા સમાપ્ત થઈ.

ક્રમ	પ્રશ્નો	જવાબ
૧	ઉમાશંકર જોશી ના પિતા નું નામ શું હતું?	જેઠાલાલ
૨	ઉમાશંકર ની માતા ને ગણવામાં આવે છે.	ગાણાનું
૩	ઉમાશંકર જોશી ને કેટલી બહેનો હતી.	બે
૪	ઉમાશંકર જોશી નું મૃત્યુ ક્યાં ગામમાં થયું હતું	મુંબઈ
૫	ઉમાશંકર જોશી નું મૃત્યુ મુંબઈની કઈ હોસ્પિટલમાં થયું.	મુંબઈ ટાટા મેમોરિયલ હોસ્પિટલ
૬	ઉમાશંકર જોશી કોઈ બીમારીને લીધે મૃત્યુ પામ્યા.	ફેફસાના કેન્સર
૭	ઉમાશંકર જોશીની અગ્નિદાહ કોણે આપ્યું હતો.	બંને દીકરીએ

જીવન:-

Edit with WPS Office



ઉમાશંકર જોશી ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ અને લેખક હતા. તેઓને ૧૯૬૭માં ભારતીય અને ખાસ કરીને ગુજરાતી સાહિત્યમાં તેમના ઉમદા પ્રદાન માટે જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના જીવન ઉપર રવિન્દ્રનાથ ટાગોર અને મહાત્મા ગાંધીની ભારે અસર હતી. તેઓ ગાંધી યુગના પ્રધાન સાહિત્યકાર હતા. તેઓએ સાહિત્યનાં અનેક ક્ષેત્રોમાં ખેડાણ કર્યું છે.

- સ્વાતંત્ર્ય સંગ્રામમાં કારાવાસ
- આજીવન ગાંધીવાદી, શિક્ષણકાર, અને ગુજરાતી સાહિત્ત્યના વિવિધ પ્રકારોમાં ઉચ્ચતમ પ્રદાન
- રાષ્ટ્રીય કક્ષાએ નામાંકિત
- **પ્રમુખ –** ગુજરાતી સાહિત્ય પરિષદ – ૧૯૬૮
- **પ્રમુખ –** સાહિત્ય અકાદમી -ગુજરાતી – ૧૯૭૮-૧૯૮૨
- **ઉપ કુલપતિ –** ગુજરાત યુનિવર્સિટી – ૧૯૭૦
- **રાજ્યસભાના સભ્ય –** ૧૯૭૦-૧૯૭૬

ક્રમ	પ્રશ્નો	જવાબ
૧	ઉમાશંકર જોશી જીવન ઉપર કયા જોવા મળે છે.	મહાત્મા ગાંધી
૨	ઉમાશંકર જોશી કયા યુગના કવિ હતા.	ગાંધીયુગ
૩	ઉમાશંકર જોશી યુનિવર્સિટીના ઉપ કુલપતિ તરીકે હતા	ગુજરાત યુનિવર્સિટી
૪	મા સંકર જોશી કયા સાહિત્યમાં પ્રમુખ તરીકે પોતાની ફરજ નિભાવી હતી .	ગુજરાતી સાહિત્ય પરિષદ

Edit with WPS Office

મુખ્ય કૃતિઓ:-

- **કવિતા**– વિશ્વશાંતિ, ગંગોત્રી, નિશીથ
- **એકાંકી**– સાપનાભારા, હવેલી
- **વાર્તાસંગ્રહો**– શ્રાવણી મેળો, વિસામો
- **નિબંધ સંગ્રહ** – ઉઘાડી બારી
- **સંશોધન** – પુરાણોમાં ગુજરાત
- **વિવેચન** – 'અખો' એક અધ્યયન ; કવિની શ્રદ્ધા
- **અનુવાદ** – શાકુંતલ, ઉત્તર રામચરિત

ક્રમ	પ્રશ્નો	જવાબ
૧	વિશ્વશાંતિ, ગંગોત્રી, નિશીથ કયા કાવ્યસંગ્રહો છે.	કવિતા
૨	ઉમાશંકર જોશી નું વિવેચન સંગ્રહ કયો છે.	અખો એક અધ્યયન
૩	ઉમાશંકર જોશી નો નિબંધ સંગ્રહ કયો છે.	ઉઘાડી બારી
૪	શ્રાવણી મેળો, વિસામો કયા પ્રકારના સંગ્રહો છે.	વાર્તાસંગ્રહો
૫	ઉમાશંકર જોશીએ કયા વિષય પર સંશોધન કર્યું હતું.	પુરાણોમાં ગુજરાત
૬	સાપનાભારા, હવેલી કયા પ્રકારના સંગ્રહો છે	એકાંકી

વ્યવસાય:-

- શરુઆતમાં શિક્ષક
- **1939-46** – ગુજરાત વિદ્યાસભામાં અધ્યાપન
- **1954- 1979**– ગુજરાત યુનિવર્સીટીમાં અધ્યાપન અને છેલ્લે કુલપતિ
-
- **1979-81**– વિશ્વભારતીના કુલપતિ
- **1978**– દિલ્હી સાહિત્ય અકાદમીના પ્રમુખ
- ગુજરાતી માસિક 'સંસ્કૃતિ' ના તંત્રી

ક્રમ	પ્રશ્નો	જવાબ
1	વિશ્વ ભારતી ના કુલપતિ ક્યારે રહ્યા હતા?	1979-81
2	1954-1979માં ક યુનિવર્સિટીના જિલ્લા રહ્યા હતા	ગુજરાત
3	ગુજરાત વિદ્યા સભા માં અધ્યાપનકાર્ય કઈ સાલમાં કર્યું હતું	1939-46

સમ્માન:-

Edit with WPS Office

- **1939**– રણજિતરામ સુવર્ણ ચંદ્રક
- **1947**– નર્મદ સુવર્ણ ચંદ્રક
- **1973**– દિલ્હી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર
- **1968** – કન્નડ કવિ કે.વી. પુટપ્પા સાથે જ્ઞાનપીઠ એવોર્ડ

ક્રમ	પ્રશ્નો	જવાબ
1	ઉમાશંકર જોશી વિશ્વ ભારતીના ક્યારેય હતા.	**1979-81**
2	**1947 ક્યો** સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો?	નર્મદ
3	દિલ્હી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર ક્યારે પ્રાપ્ત થયો હતો?	1968
4	દિલ્હી સાહિત્ય અકાદમીના પ્રમુખ ક્યારે હતા.	1978

ઉપસંહાર:-

ઉપરોક્ત ચર્ચા પરથી કહી શકાય કે ઉમાશંકર જોશી હાલની પરિસ્થિતિએ ખૂબ જ જાણીતા કવિ બની રહ્યા છે. ઉમાશંકર જોશી અનેક કવિઓના સંપર્કમાં આવી પોતાનું સાહિત્ય ની કલમ ચલાવી છે.અને અનેક સાહિત્ય સ્વરૂપમાં ખેડાણ કરી.ખૂબ જ ખ્યાતનામ પ્રગતિઓ કરેલી છે. ઉમાશંકર જોશીને નર્મદ સુવર્ણચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કાર, જ્ઞાનપીઠ એવોર્ડ આમ અનેક પુરસ્કારો પણ પ્રાપ્ત થયેલા છે.